વલસાડ-ધરમપુર રોડ અને વશિયરને જોડતાં ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટનું કામ શરૂ

# દિવાળી પહેલાં બ્રિજ ઝળહળી ઊઠશે

**રાત્રિના** સમયે ઘોર અંધકારને કારણે અકસ્માતનો ડર રહેતો હોવાથી વાહનચાલકોમાં રોષ પ્રવર્તતો હતો

**નવરાત્રિમાં** વિરોધ અને ફરિયાદો ઉઠ્યા બાદ તંત્ર સફાળું જાગ્યું



વલસાડ : વલસાડ-ધરમપુર રોડ તેમજ વશિયરને જોડતા નવનિર્મિત લાંબા લચક ઓવરબ્રિજ પર લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટો ન હોવાની સમસ્યાનો આખરે અંત આવવા જઈ રહ્યો છે. ઓવરબ્રિજ શરૂ થયા બાદ પણ તેના પર લાઈટોની વ્યવસ્થા કરવામાં ન આવતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે નારાજગી ફેલાઈ હતી. રાત્રિના સુમારે ઘોર અંધકાર છવાઈ જતો હોવાથી ખાસ કરીને સાયકલચાલકો તેમજ રાહદારીઓને અકસ્માતનો સતત ભય સતાવતો હતો.

આ ગંભીર બેદરકારી સામે સ્થાનિક લોકો દ્વારા વ્યાપક સ્તરે રજૂઆતો અને ફરિયાદો કરવામાં આવી હતી. તાજેતરમાં જ નવરાત્રિ દરમિયાન અનેક લોકો પારનેરા ડુંગર પર ચઢાવા માટે આ બ્રિજ ચઢીને પગપાળા જતાં જોવા મળ્યા હતા. એ સમયે લોકોની મુશ્કેલીઓ અને ભારે વિરોધ અને ફરિયાદો બાદ આખરે માર્ગ અને મકાન વિભાગ સફાળું જાગ્યું છે. વિભાગ દ્વારા ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટો લગાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

તંત્ર દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, દિવાળીના તહેવારો પહેલાં લાઈટિંગનું સંપૂર્ણ કામ આટોપી લેવામાં આવશે. ઓવરબ્રિજ નિર્માણ વખતે લાઈટ ન લગાવીને માર્ગ અને મકાન વિભાગે જે મોટી ચૂક કરી હતી, તે મહિનાઓ બાદ સુધારી લેવામાં આવી રહી છે. તહેવારો ટાણે જ ઓવરબ્રિજ રોશનીથી ઝળહળી ઊઠશે, જેથી અંધારામાં જોખમી મુસાફરી કરતા હજારો વાહનચાલકો અને રાહદારીઓને મોટી રાહત મળશે.

## લસણની ફોતરીની આડમાં લઇ જવાતો 16.67 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

નવસારી: દિવાળીના તહેવારો પહેલાં નવસારી LCBએ બાતમીના આધારે MH 04 LE 8083 નંબરના આઈશર ટેમ્પોને અટકાવી તપાસ કરતાં 82 બોક્સમાંથી વ્હિસ્કી અને ટીન બીયરની કુલ 3,336 બોટલ મળી આવી હતી, જેની કિંમત 6,62,400 છે. પોલીસે ટેમ્પો ચાલક અનાબાકસ મહેબુબ શિવનગીની ધરપકડ કરી હતી. દારૂ ઉપરાંત 10 લાખનો ટેમ્પો, મોબાઈલ અને અન્ય દસ્તાવેજો મળી કુલ 16,67,400નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલ અને સુરત રેન્જ આઈજીપી પ્રેમ વીર સિંહના માર્ગદર્શન હેઠળ LCB પીઆઈ વી.જે. જાડેજા, પીએસઆઈ વાય.જી. ગઢવી અને ટીમે કાર્યવાહી કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### મગોદ ગામમાં બસ સેવા શરૂ કરવા મહિલાઓની ડેપો મેનેજરને રજૂઆત



વલસાડ : વલસાડ તાલુકાના દરિયા કાંઠાના મગોદ ગામની મહિલાઓએ મોટી સંખ્યામાં વલસાડ એસ.ટી ડેપો પહોંચી ડેપો મેનેજેને બસ શરૂ કરવા રજૂઆત કરી હતી. પ્રતિદિન વલસાડ અવરજવર કરતી ઘરકામ કરી ગુજરાન ચલાવતી મહિલાઓ, વિદ્યાર્થીઓ અને કામદારોને વાહનોની સુવિધાના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થિતિ એવી છે કે વાહનોની રાહ જોવામાં બે-બે કલાક પસાર થઈ જાય છે. આ સમસ્યાને લઈને મગોદ ગામની મહિલાઓ વલસાડ બસ સ્ટેશન પહોંચીને બસ સ્ટેશન મેનેજર સમક્ષ રજૂઆત કરી હતી. ડેપો મેનેજરે મહિલાઓની રજૂઆત સંદર્ભે સંબંધિત રૂટ પર બસની વ્યવસ્થા ઊભી કરવાનું આશ્વાસન આપ્યું હતું. હવે જોવાનું એ રહેશે કે મગોદ ગામના લોકોને બસ સેવા ક્યારે મળે છે.

### વલસાડ પોલીસ હેડક્વાર્ટર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું



વલસાડ : વલસાડ જિલ્લા પોલીસ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે શરદ પૂનમની રાતે ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં રેન્જ આઇજી પ્રેમવીર સિંગ યાદવ, એસપી યુવરાજસિંહ જાડેજા તેમજ અન્ય પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ ગરબે ઘૂમ્યા હતા.

### વાપી પબ્લિક સ્કૂલમાં 'નક્ષત્ર એસ્ટ્રોનોમી બૂટ કેમ્પ' યોજાયો



વાપી : વાપી પબ્લિક સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓમાં ખગોળશાસ્ત્ર પ્રત્યે જિજ્ઞાસા, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી 'નક્ષત્ર એસ્ટ્રોનોમી બૂટ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાપી અને ઉમરગામની કુલ ૧૨ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉદ્ઘાટન શાળાનાં એક્ઝેક્યુટીવ ડીરેક્ટર એન્ડ સિનિયર પ્રિન્સીપાલ ડો. અલ્પા એસ. કોટડિયા અને ટ્રસ્ટી નવલ બંસલના હસ્તે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ઇસરોના વૈજ્ઞાનિકો દ્વારા રોકેટ, લેન્ડર અને ઉપગ્રહોનાં મોડેલનું પ્રદર્શન તથા સમજૂતી આપવામાં આવી હતી. પ્લેનેટેરિયમ દ્વારા દિવસ-રાતની ઘટના, ગ્રહણ અને બ્લેક હોલ જેવા વિષયોનું પ્રદર્શન અને સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ તારાનિરીક્ષણ (સ્ટાર ગેઝિંગ) રહ્યું હતું. ઉપસ્થિત લોકોએ રાત્રિના આકાશનું નિરીક્ષણ કર્યું અને ચંદ્ર તથા શનિ ગ્રહને નિહાળવાની રોમાંચક તક મેળવી હતી. સ્કૂલનો આ પ્રયાસ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવા, અવકાશ વિજ્ઞાન પ્રત્યે રસ વધારવા, કારકિર્દીની નવી દિશાઓથી પરિચિત કરાવવા અને ભવિષ્યના સંશોધકોને પ્રેરિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો હતો.

### વાપીથી રૂપિયા 10.73 કરોડના કેનાબીસ સાથે ઝડપાયેલાઓના 8 દિવસના રિમાન્ડ

વાપી : વાપીમાં એન્ટી નાર્કોટિક્સ વિંગ-વલસાડ અને એસઓજી (વાપી કેમ્પ)ની ટીમે બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી છે. વાપીના છીરી વિસ્તારમાં આવેલા એક મકાનમાંથી રૂપિયા ૧.૯૩ કરોડની કિંમતના નશાકારક પદાર્થવાળી ગોળીઓ સાથે મોહમદ અમીન મોહમદ બાસુ ખાનને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પૂછપરછના આધારે દાદરા-લવાછા સ્થિત એક દુકાનમાં રેડ કરી ત્યાંથી વધુ રૂપિયા ૧૦.૭૩ કરોડનો જથ્થો કબજે કરી પ્રદીપ ઉર્ફે મજ્ઞુ વર્માને ઝડપી લેવાયો હતો. આ કેસમાં ઉત્તર પ્રદેશના અનુરાગ ગુપ્તા અને મુંબઈના સલમાન ઇકબાલ સિદ્દીકીને વોન્ટેડ જાહેર કરી વાપી ડુંગરા પોલીસ મથકે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પકડાયેલા બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૮ દિવસના રિમાન્ડ મેળવાયા છે. અન્ય એક અલગ બનાવમાં ડુંગરા પોલીસે લેકવ્યુ રેસિડેન્સીના ફ્લેટમાંથી ૨૪૩.૬૭૦ કિલોગ્રામ માદક પદાર્થ (કિંમત રૂપિયા ૧.૨૧ કરોડ) સાથે મૂળ ઓડિસાના કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બિસ્વાલને ઝડપી પાડ્યો હતો, જ્યારે કાકો બનમાલી પ્રભાકર પાતરાને વોન્ટેડ જાહેર કરાયો છે. આ આરોપીને પણ કોર્ટમાં રજૂ કરી ૨ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

## વાંસદાના કેવડી ગામે ટેમ્પોમાં આગ લાગતા ઘાસના પૂળા અને વાહન બળીને ખાખ



વાંસદા: વાંસદા તાલુકાના કેવડી ગામે બપોરના આશરે બે વાગ્યાના અરસામાં ઘાસના પૂળા ભરેલા એક પીકઅપ ટેમ્પોમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. ચાલુ ગાડીએ આગ લાગતાં જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પરિણામે પીકઅપ ટેમ્પો નંબર GJ21 Y 9930માં ભરેલા ઘાસના પૂળા સહિત આખું વાહન બળીને ખાખ થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં વાંસદા અને બીલીમોરાથી ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આગ લાગતાં જ વાહનચાલક સહિત અન્ય બે વ્યક્તિઓ સમયસૂચકતા વાપરીને ગાડીમાંથી બહાર નીકળી જતાં ત્રણેયનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાનું જાણવા મળ્યું નથી.

## વલસાડ પાલિકાની સામાન્ય સભામાં વધુ 7 બસનો નિર્ણય લેવાશે

**સામાન્ય** સભામાં રોડ કોન્ટ્રાક્ટરની રકમમાં વધારાનો મુદ્દો પણ લેવાયો

વલસાડ : વલસાડ નગરપાલિકાની આગામી સામાન્ય સભા 30મી ઓક્ટોબરને શુક્રવારે મળશે. જેમાં શહેરના વિકાસના 35 મુદ્દાઓ અંગે નિર્ણય લેવાશે. આ મુદ્દામાં ખાસ કરીને વલસાડ શહેરમાં નવી સિટી બસનો મુદ્દો આવરી લેવાયો છે. શહેરમાં હાલ 7 સિટી બસ ચાલી રહી છે. જેમાં 7 બસોનો વધારો કરી કુલ 14 બસ શહેરના વિવિધ રૂટ પર દોડાવવાનું આયોજન કરાયું છે. જેના કારણે સામાન્ય જનતાને તેનો મોટો ફાયદો થઈ શકે છે. જોકે, બીજી તરફ રિક્ષા ચાલકોના વ્યવસાય પર તેનો ફટકો પડી શકે છે.

વલસાડ નગરપાલિકાની સામાન્ય સભાના જાહેર કરાયેલા એજન્ડામાં 20 નંબરના એજન્ડામાં પારડીના રોડ કોન્ટ્રાક્ટર દુબેના કોન્ટ્રાક્ટરની રકમમાં વધારો કરવાનું કામ લેવાયું છે. જેમાં ડામરના 8 રોડના રિસર્ફિંગ અંગેના કામમાં ડામરના ભાવમાં વધારો થયો હોવાનું જણાવી સ્ટાર રેટીંગથી કામો કરવા એક્સ્ટ્રા એક્સેસની દરખાસ્ત કરવાનો મુદ્દો લેવાયો છે. જેમાં તેને ચૂકવવાની રકમમાં વધારો થાય એવું પ્રાથમિક દ્રષ્ટીએ લાગી રહ્યું છે. પાલિકા દ્વારા બનેલા બિસ્માર રોડની જાળવણી પણ કોન્ટ્રાક્ટરે જ કરવાની રહેતી હોય છે. એવું સામાન્ય રીતે ઈજનેરો જણાવે છે, પરંતુ જ્યારે રોડ તૂટે ત્યારે ફરીથી તેના રિસર્ફેસિંગના નામે બિલો ફડાતા હોય છે. ત્યારે એજન્ડાના આ કામ અંગે અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

પાલિકાની સભામાં આ સિવાય ડ્રેનેજના કેટલાક મહત્વના કામો, હોસ્પિટલના કામો, પુર દરમિયાન કરાયેલી સફાઈના કામોના બિલની મંજૂરી જેવા વહીવટી કામો પણ એજન્ડામાં લેવાયા છે. જેના પર ચર્ચા થશે કે દર વખતની જેમ કામો સિવાયના મુદ્દે ચર્ચા કરી આ કામોને સર્વાનૂમતે 5 મિનિટમાં પાસ કરી દેવાશે એ જોવું રહ્યું.

## ડાંગ પંચાયતની ચૂંટણી માટે સરપંચના હોદ્દાઓની ફાળવણી

**આહવા,** વઘઈ અને સુબીર તાલુકાની ૪૧ ગ્રામ પંચાયતો માટે રોટેશન મુજબ એસટી (ST) અને મહિલા અનામતની ફેરફાળવણી કરાઈ

સાપુતારા : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ડાંગ જિલ્લામાં ટૂંક સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા સરપંચ પદના અનામત હોદ્દાઓની ફાળવણી પૂર્ણ કરી લેવામાં આવી છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તેમજ સંબંધિત ચૂંટણી નિયમો અને સુધારાઓ મુજબ આહવા, વઘઈ અને સુબીર તાલુકાની કુલ ૪૧ ગ્રામ પંચાયતો માટે સરપંચ પદનું રોટેશન (વારાફરતી ફાળવણી) નક્કી કરવામાં આવ્યું છે.આગામી સામાન્ય ચૂંટણી માટે અનુસૂચિત આદિજાતિ (ST) તેમજ મહિલા અનામત સહિતના સરપંચ પદના હોદ્દાઓની ફેરફાળવણી કરવાનો આદેશ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ગ્રામજનો પોતાની પંચાયતમાં સરપંચ પદ કયા વર્ગ કે મહિલા માટે અનામત છે તેની સ્થિતિ જાણી શકે તે માટે આ ફાળવણીનું વિગતવાર લિસ્ટ સંબંધિત ગ્રામ પંચાયત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, પ્રાંત કચેરી, કલેક્ટર કચેરી તેમજ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ https://dangs.nic.in/» પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## વાપી મનપાની સામાન્ય સભામાં વિકાસ યોજના પર ચર્ચા થશે

**કરવડમાં** નવા ફાયર સ્ટેશન માટે જમીન તેમજ વટાર અને કરવડમાં નવા કોમ્યુનિટી હોલ માટે જમીનની ફાળવણી કરાશે

વાપી : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા ૩૦ ઓક્ટોબર શુક્રવારે સવારે ૧૧.૩૦ કલાકે મોરારજી દેસાઈ ભવનના સભાખંડમાં મળશે. સામાન્ય સભાના એજન્ડા ઉપરના કામમાં સૌથી મહત્વનું ગણાતું વાપી મનપાના ટીપી કમિટી દ્વારા ઠરાવ કરીને અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની વિકાસ યોજનાનાની દરખાસ્ત સરકારમાં મોકલવા માટેના કામ ઉપર સામાન્ય સભામાં ચર્ચા બાદ બહાલી અપાશે. વાપી મનપાની સ્થાયી સમિતિ દ્વારા જે ભલામણો કરવામાં આવી છે તેના ઉપર સામાન્ય સભામાં ચર્ચા બાદ તેને પણ બહાલી અપાશે. જેમાં વાપીના કરવડ સ્થિત ૩૦૦૦ ચો.મી.ની જમીન નવા ફાયર સ્ટેશનના બાંધકામ માટે ફાળવવાની દરખાસ્તને સામાન્ય સભામાં ચર્ચા બાદ બહાલી અપાશે. જ્યારે વાપી મનપાના વટાર વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવા માટે તેમજ કરવડ વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બાંધવા માટે ૨૫૦૦ ચો.મી. જમીન ફાળવવા માટેના કામને ચર્ચા બાદ બહાલી અપાશે. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝને પણ સામાન્ય સભામાં મંજૂરી આપવા માટે એજન્ડાના કામમાં સમાવેશ થયો છે. આ સામાન્ય સભામાં પાણી પુરવઠા કામ અંગે પણ ચર્ચા થશે. જ્યારે કચરો ઉઠાવવાના વાહનો પુરા પાડવાના ટેન્ડર અંગે પણ ચર્ચા થશે.

વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તેમજ સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ સહિત વાપી મનપાના શાસક તેમજ વિપક્ષના સભ્યો દિવાળી પહેલા મળનારી આ સામાન્ય સભામાં પુરી હાજરીમાં ઉપસ્થિત રહેશે તેવું લાગે છે.

## બીલપુડીમાં ૧૨ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યુ



ધરમપુર: ધરમપુર તાલુકાના બીલપુડી ગામના બેઝ ફળિયામાં રહેતા મંગળ વળવીના ઘર પાસે ડાંગર કાપતી વખતે ૧૨ ફૂટ લંબાઈ અને ૨૨ કિલો ૮૦૦ ગ્રામથી વધુ વજન ધરાવતો વિશાળ અજગર નજરે પડ્યો હતો. ગ્રામજનોએ વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના નાનાપોંઢા વિભાગના રેસ્ક્યુઅર મુકેશ વાયાડનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ધરમપુર વનવિભાગને જાણ કરી અજગરનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## દિવાળીમાં જ્વેલર્સ અને બેંકર્સને સચેત રહેવા સૂચન

**કિંમતી** વસ્તુની હેરાફેરી માટે બાઇકના બદલે મોપેડ રાખો તો ચીલ ઝડપના બનાવ અટકી શકે

વલસાડ : દિવાળી આવતા જ ગરદીનો લાભ લઇ અનેક ઠગ બજારમાં સક્રિય થઇ જતા હોય છે. જેઓ જ્વેલર્સ, આંગડિયા અને બેંકની બહાર રેકી કરી ચોરી કે ઠગાઇને અંજામ આપતા તેનાથી સચેત રહેવા વલસાડ જિલ્લા પોલીસે એક બેઠક કરી હતી.

આ બેઠકમાં એસપી યુવરાજસિંહ જાડેજાએ જ્વેલર્સોને સીસીટીવી કેમેરા દુકાનમાં તેમજ બહારના ભાગે લગાવવા જણાવ્યું હતુ. તેમજ સોના ચાંદીના કિંમતી દાગીના લઇને કશે જવું હોય અથવા બેંકમાં મોટી રોકડ લઇને જવું હોય તો બાઇકના બદલે મોપેડનો ઉપયોગ કરવા પર તેમણે ભાર આપ્યો હતો. મોપેડની ડીકીમાં કેશ કે કિંમતી ઘરેણા મુકી શકાય છે. જેના કારણે ચીલઝડપની ઘટના બનતી અટકાવી શકાય છે. બેંકના સંચાલકોને પણ બેંકમાં સિક્યુરીટી સિસ્ટમ યોગ્ય રાખવા, સિક્યુરીટી ગાર્ડ રાખવા તેમજ બેંકની બહાર પણ સીસીટીવી કેમેરા રાખવાનું સૂચન કર્યું હતુ. આ સિવાય તેમણે આંગડિયા પેઢીઓને પણ પૈસાની લેવડ દેવડમાં અત્યાધૂનિક જીપીએસ સિસ્ટમનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતુ. તેમજ તેમને પૈસાની હેરફેર દરમિયાન સાવચેત રહેવા જણાવ્યું હતુ.

દિવાળી ટાણે ઠગો છેતરપિંડી કરતા હોય છે. આવા છેતરપિંડી કરતા ઠગોથી લોકોને દૂર કઇ રીતે રાખવા તેમજ લાલચમાં આવી આવા લોકોને ઝાંસામાં નહી આવવા સૂચન કર્યું હતુ.

## ડાંગ જિલ્લામાં બનેલા બે નાળા ધોવાયા

**ખડકવહળી** ગામે નાળાંના ધોવાણથી સ્થાનિકો મુશ્કેલીમાં, વિજિલન્સ તપાસની માંગ



સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલી લીંગા ગ્રામ પંચાયત હેઠળના ખડકવહળી ગામે લાખો રૂપિયાના ખર્ચે બનેલાં બે નાળાં બિડાણની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નબળા બાંધકામને કારણે ગત ચોમાસા દરમિયાન થયેલા વરસાદમાં બંને સ્થળોએ વ્યાપક ધોવાણ થતાં બાંધકામને મોટું નુકસાન થયું છે, જેના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખડકવહળી ગામે સ્મશાનભૂમિ અને માટીના ડેમ વિસ્તારને જોડતા માર્ગ પર આ નાળાં બનાવવામાં આવ્યાં હતાં. ખાસ કરીને સ્મશાનભૂમિ તરફ જવાના માર્ગ પર થયેલા ધોવાણને કારણે અંતિમયાત્રા દરમિયાન ગ્રામજનોને હાલાકી ભોગવવી પડે છે. આ સ્થિતિએ સરકારી યોજનાઓના બાંધકામોની ગુણવત્તા અને દેખરેખ સામે મોટી ચર્ચા જગાવી છે. સ્થાનિક લોકો દ્વારા આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવાની માંગ ઉઠી છે. નાળાં નિર્માણમાં વપરાયેલી સામગ્રીની ગુણવત્તા તથા ખર્ચની યોગ્ય ચકાસણી કરવામાં આવે અને સ્થળ તપાસ હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યું છે.





**ગ્રામ પંચાયત મજીગામ**
**તા.ચીખલી જિ.નવસારી**

આથી મોજે મજીગામ તા.ચીખલી જિ.નવસારી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ દેરા ફ.આંગણવાડી કેન્દ્ર નું મકાન જર્જરીત હોય તેને તોડી પાડવા અને કાટમાળની જાહેર હરાજી કરવા તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ શુક્રવારે બપોરે ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત મજીગામના મકાનમાં સરપંચ શ્રી મજીગામના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હોય રસ ધરાવતા ઈસમોએ જાતે નિરીક્ષણ કરી લઈ ઉપસ્થિત રહેવા આથી જાહેર કરવામાં આવે છે જાહેર હરાજી ની બોલી શરતો તે જ દિવસે સમય ના અડધા કલાક પહેલાં જણાવવામાં આવશે. હરાજી ના નિયમો શરતો તથા તારીખ કે કોઈપણ પ્રકારના ફેરફારના અધિકાર ગ્રામ પંચાયતના આબાદી રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત મજીગામ, તા.ચીખલી, જિ.નવસારી.

**ગ્રામ પંચાયત મલવાડા**
**તા.ચીખલી જિ.નવસારી**

આથી મોજે મલવાડા તા.ચીખલી જિ.નવસારી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ મલવાડા ગામતળ આંગણવાડી કેન્દ્ર અને મલવાડા મંદિર આંગણવાડી કેન્દ્ર નુ મકાન જર્જરીત હોય તેને તોડી પાડવા અને કાટમાળની જાહેર હરાજી કરવા તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ શુક્રવારે બપોરે ૦૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત મલવાડાના મકાનમાં સરપંચ શ્રી મલવાડાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હોય રસ ધરાવતા ઈસમોએ જાતે નિરીક્ષણ કરી લઈ ઉપસ્થિત રહેવા આથી જાહેર કરવામાં આવે છે જાહેર હરાજી ની બોલી શરતો તે જ દિવસે સમય ના અડધા કલાક પહેલાં જણાવવામાં આવશે. હરાજી ના નિયમો શરતો તથા તારીખ કે કોઈપણ પ્રકારના ફેરફારના અધિકાર ગ્રામ પંચાયતના આબાદી રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત મલવાડા, તા.ચીખલી, જિ.નવસારી.

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લો નવસારી, તાલુકો ચીખલી મોજે ... જુના બ્લોક નં.૨૩૭ ના નવા બ્લોક/સર્વે નં.૬૪૧, જુના બ્લોક નં.૩૫૨ ના નવા બ્લોક/સર્વે નં.૭૫૬, જુના બ્લોક નં.૩૯૯ ના નવા બ્લોક/સર્વે નં.૭૭૬, જુના બ્લોક નં.૨૯૪ ના નવા બ્લોક/સર્વે નં.૬૨૬, જુના બ્લોક નં.૨૮૬ ના નવા બ્લોક/સર્વે નં.૬૧૯ તથા જુના બ્લોક નં.૨૮૯ ના નવા બ્લોક/સર્વે નં.૬૫૨ વાળી મિલકતોમાં અમો મિલકત માલિકના (૧) ... (૨) ... (૩) ... (૪) ... (૫) ... (૬) ... (૭) મુહમ્મદ યુસુફ ... (૮) ... યુસુફ ... (૯) ... ના ઉપરોક્ત મિલકતમાં ભાગે આવેલ હિસ્સો છે. તે મિલકતમાં પાવર મહમદ આરીફ અબ્દુલલતીફ મનસુરી, રહે.-... ફીરદોસ ટાવર, અડાજણ, પારીયા, સુરત નાઓને આપેલ હતો. તે પાવર અમો રદ કરીએ છીએ અને તેઓની સાથે જે પાવરના આધારે આ મિલકતમાં કોઈપણ લેવડ દેવડ કે વ્યવહાર થયેલ છે તે રદ થવાને પાત્ર ગણાશે. આ મિલકતના માલિકોથી બીજો કોઈપણ પાવર ઉભો થાય તો તેઓની વિરુદ્ધ અમો કાયદેસરની કાર્યવાહી કરીશું તેમજ ઉપરોક્ત મિલકત માલીકો હાલમાં ... પટેલ, રહે.-વાડા ગામ, નવસારીનાઓને પાવર આપેલ છે.

બિપીનભાઈ જે. ખેરનાર એડવોકેટ
૧૧, અમૃત નગર, વિજલપોર નગરપાલિકા પાછળ, વિજલપોર, નવસારી, તા.જી. નવસારી
મો.નં. ...